રસીકાનો રમુજી ફારસ.

રચનાર

A. (લ્હુરી) N.

દોહરો.

રસીકજન વાંચો રસીક, ફારસ ખુબીદાર;
ગરબી રસીકાએ કરી, સજ્જન કરો વીચાર.

તેની વતિ

છપાવી પ્રસીદ્ધ કરનાર

J. (મેહુતા) B.

મુંબઈ

ઈમપીરીયલ પ્રેસમાં છાપ્યું.

ઈ. સ. ૧૮૮૨.

કિમ્મત દોડ આનો.

શ્રી

રસીકાનો અતિ રમુજી ફારસ.

———o·o———

પ્રોગ્રામ.

(રાગ ઇદર સભાનો.)

નરકોરા પુષ્પાવતી, રસીકા વાંચો લોક
એકી પછી બહુ પરતાઇ, પાછળ કીધો શોક
દુઃખ દીલને લાગ્યું ઘણું, પાણી ભરી દુખી ડોક
સંખી ગુખી દુકાન માંડી, મુકી મોટી પોક
બઠીયારી વળી પોતે બની, એજ રસીકા
જમણુ જમવા લઇ જતીતી, થઇ ત્યાં ટીકા
દુઃખ અતિ લાવી રસીક, રાજા સાથે ગઇ
ખુશ ખુશાલી કરાવી, એ બહુ ખુશી કઇ
હેની ટુંક વર્ણન કીધું, હાસ્યનો ચીતાર
ફારસ મેજતદાર કીધો, વાંચનાર વીચાર.

———o·o———

અંક પેહેલો પરવેશ પેહેલો. (બાગ.)

રસીકા તથા સાહેલીઓ ગાયછે.

ફેરબો.

(સાઉવીન પેસે સેર મરધી ન કાટુંગી) એ રાગે.

ગુલજારછે વાડી રે ગુલજારછે વાડી—ટેક.
માંગી આબી જુવો ગુલજારછે વાડી

ફુળ પાન ફુલો, કેવાં ઉગ્યાછે;
કેવાં જુવાનીમાં આવી રહયાછે—મારી.
જોબનવાન થયા, તમે રસીકા !.
હવે રાજવાડામાં થાય તમારી ટીકા —મારી.
રસીકા—હડા મશ્કરી, કરો નહી મારી
લાયેક મલતા નથી, શુંચ ગઇછે તારી—મારી.
માત પીતા સુઇ રહાછે, દાદ નથી લેતાં
માકડે માકડું વલગાવીને તેઓ બેઠા—મારી.
સાહેલી—જાઓ એમ શું બોલોછો, નથી તેઓ એવાં
લાયેક વીના આપે નહીં, તમને બેની—મારી.

૫૬.

(ભટજી માહારાજ લાડુ ખાવાનું શીખારનું
ગનછે) એ રાગે.

રસીકા—સારૂં સારૂં જાણ્યું ડાહાપણ, જીભ બંધ કરતું તારી
જીભ બંધ કર તું તારી, (ભુંડી) જીભ બંધ કર તું તારી-ટેક.
લુલા લંગડા કાણા કુબલા, ધીના ડબડા કોઇ સુકલા.
સુલેમાન સાકટા સરખા, સાથે એ પરણાવેછે—સારૂં.
કોઇ ઉંચો, કોઈ નીચો, કોઇ બાવાજીનો બુચો.
જીભનો કરેછે કુચો, હું તો નહી પરણવાની—સારૂં.
સારો મલે સ્વામી ગમે, તો હું પરણું કહું તને.
મન પસંદ મને ગમે, પતી કરવા માગીછું—સારૂં.

——o:o——

પરવેશ બીજો. (રાજ દરબાર.)

રાજા પોતાના દીવાનખાનામાં બેઠાછે ત્યાં ગોર સભા રાજાઓને તેડી આવી આસને બેસાડેછે.

રોલા વૃત.

ગોર—કાસી રાજાના પુત્ર, અજયસીંગજી બેઠા.
એમની પાસે જગપાલ, તેઓ જરાછે હેઠા.
પેલાછે ચંદ્ર ગુપ્ત, ચુપ થઈ કરણ બેઠા.
કયાં ગયા વીરશીંગ ! ગયા હશે તે કેથા.
અનેક આવ્યા રાજ, તાજ શીર શોભાવનારા.
પરણાવા મહીપાલ, કરી સ્વયંમવર ધારા.

રાજા—ચોપદાર રસીકા બેનને સાહેલી સાથે દરબારમાં તેડી લાવો (રસીકા સાહેલી સાથે આવેછે.)

રાજા—બેન આ બધા રાજાઓમાંથી તને જે રાજા પસંદ હોય તેને આ વર માલા આરોપ.

રસીકા—(વરમાલા લઈ બધે ફરી વળી.)

(કંગનવા ગોરો કરસ સરક ગયોરે) એ રાગે.

પીતા હું તો એઓ સાથે, નહી પરણુરે.
છે કદરૂપાને કાલા, છે એઓ એબવાલા—પીતા.
નજરે નજર જુવોરે, ડહાપણ સૌદને ખુવોરે
કોઈ ઊંટ જેવોછે ઊંચો
કોઈ બાવાજીનો બુચો.
સુકલ કડી કોઈ નીચો મીચો આંખ તમારે !—પીતા.

સારૂ નહી કેવાસેરે, આબરૂ તમારી જાસેરે

જુવો આ કેવોછે જાડો.

જુવો વલી આ ગાડો.

જુવો બેઠોછે પાડો ખાડો ગાળે કેવોરે—પીતા.

સુલેમાન સાકટારે, સફેદ બાળ પાકતારે

કોઈના દાંત પડી ગયા.

કેઈ મરવા લાયક થયા.

તમને આવતી નથી દયા, કયાંથી શોધી લાવ્યારે-પીતા.

(માર મુવા માર મને મારરે) એ રાગે.

રાજા—(ગુસામાં) ચુપ ચુપરેહે આ નાદાનરે મબોલ તું ચુપરહે

છકેલી છોકરી, જા તું અહીંથી.

શું બકેછે બેવકુફરે—મબોલ.

અપમાન કીધું મારૂં રાજાનું;

જા તું જગ્યામાં જઈ ચુપરે—મબોલ.

સીપાઈ લઈ જાઓ, અહીંઆ આગલથી

કરો મારી નજરથી દુરરે—મબોલ.

(બીજા રાજાઓને હાથ જોડી)

રાજવંશીઓ, માફ મને કરજો.

નાંખુ નાદાનને કુંપરે--મબોલ.

બીજો રાજા—ગુસ્સો સમાવો તમે રાજાજી

નાદાન છોકરી બેવકુફરે—મબોલ.

મળ રાજા—સવારે ભીખારી, સાથે પરણાવું.

આપીસ એને આબ ખુતરે—મબોલ.

પરવેશ તરીજો.

(એક રાજા ફકીર થાયછે.)

પદ.

(અલિફશી તું યાદ કર અલ્લાહ તું આદમ) એ રાગે.

ફકીર—અપમાન કીધું મારૂં માટે ફકીર બન્યોછુ
સીતાર વગાડી શીફત કરૂં-કેવો પગલું છું—અપમાન
બાગ્યેનમાં ગુલતાન કરૂં-એના પીતાને
તુન તુન વગાડી સીતાર ગાઈ ગીતાને—અપમાન.
પરણી રસીકાને તોર ઉતારૂ એનો
કામ કરાવું પાણી ભરાવું તાલ મજેનો—અપમાન
કંતાવુ કંડીઆ ભરાવું દુકાન મંડાવું
ભાંગી ફોડી નાખું જાતે, રસીકા રડાવું-અપમાન
આલો હવે વાર કરવી, તે નહી સારી
રાજાને જઈ રીજવું, તાલ કરી ભારી-અપમાન.

---0:0---

પરવેશ ચોથો (રાજાનો મેહેલ.)

(રાજા દાતન કરેછે એટલામાં ફકીર આવેછે.)

(ખલકનારે ખુદા ખાવંદ) એ રાગે.

ફકીર—પ્રભાત થયો દીનાનાથ
જગત શંખુ તમારે હાથ—ટેક.
અકલગતી તારી ન્યારી
પ્રભુ તારીછે બલીહારી—પ્રભાત.

કીડીને કણ, હાથીને ગણ
સરવેને આપે જગજીવન—પ્રભાત.

રાજા—(મનમાં) ઠીક તાલછે છોકરીને ફકીરને પરણાવીએ, કોઇ છે કે પેલા ફકીરને અહીંઆ બોલાવી લાવો.

ચોપદાર—જી માહારાજ લાવુંછુ, ફકીર મઉલા રાજાજી બોલાવેછે.

ફકીર—મેં શું અપરાધ કીધો કે રાજાજી મને બોલાવેછે.

ચોપદાર—તમારૂં ગાયન સાંભલવા.

ફકીર—અમારૂં ગાયન કંઇ રાજાજીને પસંદ પડવાનુંછે લે ચાલ ફકીરભાઇને શું છે.

રાજા—ફકીર-સવારના પોહોરમાં કાંઇ ગાઓ.

ફકીર—જી માહારાજ આપના હુકમને તાબેછું.

પ્રભાતીયુ.

પ્રભાતના પોહોરમાં, શોર બકોરમાં
ઠીક દેવાળયમાં, ગંટાવાગે
ઉઠે નાહાના છોકરા, ગોવાળ ઓરે બોકરા
ડોકરા આલસુઓ, મોડા જાગે—પ્રભાતના.
ઘંટીના ઘોરમાં, પક્ષીના સોરમાં
જોરમાં ફેરીવાલાઓ, ફરતા—પ્રભાતના.
કામ કરે અસ્ત્રીઓ, બેડા હાથ ઝાલીને
લટકેથી ચાલી, કુવે પાણી ભરતા—પ્રભાતના.
દંતધાવન કરે, હવાખાવાને ફરે
ઘરે કોઇ ચાહને, કાપી પીએ—પ્રભાતના.

લ્હેરી આનંદમાં રેહે હમેસ રંગમાં

ઉડે નવીન બંગમાં, સાનેમીએ—પ્રભાતના.

રાજા—શાબાશ-શાબાશ ફકીરજી સ્વારના લક્ષણો ઠીક કહાં. કોઈ છે કે રસીકાને સણગાર સજાવી જલદી મારી કને લઈ આવો.

ચોપદાર—જેવી આપની આગ્ના.

રાજા—જાવો જલદી હુકમ બજાવો, ફકીર શાહેબ હું તમને મારી છોકરી પરણાવું છુ તે અંગીકાર કરશો ?

ફકીર—ક્ષમા માહારાજ હમને ફકીર બાઈને શોભતી નહી. પછીતો આપની આગ્ના. ઇશ્વર ઇચ્છા કાંઇ કોઇથી મટવાની નથી.

રાજા—કેમ વાર લાગી ઝટ કરો.

રસીકા—(ગુસામાં) શુ છે ? સવારના પોહોરમાં ? ખાઊ કરડું ખાઊ કરડું કરી રહાછો, લો ! આવી શું કહોછો ?

રાજા—બસ તું ટકટક નહી કર, અને આ ફકીર સાથે તને પરણવું પડશે.

રસીકા—મુવા જોગટા સાથે, શું જે રાજાને પસંદ નહી કરે, તે જોગટા ફકીર સાથે પરણે ? પીતાજી તમારી શુધ બુધ ઠેકાણેછે કે નહી ! (છણકો કરી ચાલી જાયછે.)

રાજા—પકડ ચોપદાર, એને ફકીરને સ્વાધીન કર (રાજા જાયછે ફકીર હાથ પકડી રસીકાને લઈ જાયછે.)

રસીકા—છોડ મુવા મારા હાથ શું તને શરમ નથી લાગતી કે એક કેસને બાવાના હાથમાં આપવી તે ઘટીતછે ?

ફકીર—લે રાંડ, ચેતી જા (એક તમાચો ખેંચી કાહાડે

છે) સીધી સીધી ચાલેછે કે નહી. કે આદગ પાકમેથી પાક નો સ્વાદ ચાખવોછે. વીચાર શું કરેછે કરે તેવું પામે.

રસીકા—હું આવુંછુ મને મારો નહી. (જાયછે.)

પરવેશ પાંચમો.

(જંગલના કવરનો દેખાવ.)

પદ.

(ધન્ય ધન્ય ધનકોર સારી ચાલ કાડી.) એ રાગે.

સીપાઇઓ—રાજાના હુકમ માફક ઝુપડી કરી આવ્યા.

જંગલમાં રેહેશે કેમ, અમને ભરમાવ્યા—ટેક.

બીજો—બેવકુફ અકલ નથી, શીકાર સારૂં કીધું.

ત્રીજો—પાણી સારૂં ડોલ દોરડું, ખાવા મુકયું શીધું-રાજાના

બધા—ચાલો ચાલો વાર ન કરો, કુંભારવાડે જઇએ.

ખરીદી કરીએ મારી કુઠી, હાંલા ખાલી દઇએ—
રાજાના.

ચરખો ઝુપડીમાં મુકયોછે, નેતરનો ભારો
સમજ પડતી નથી યારો, શુએના વીચારો-રાજાના.
સ્વયંમવરમાં જઇ કરી, તોફાન કરી આવ્યા
કોણ જાણે શું કરેછે કોઇએ ભરમાવ્યા-રાજાના.

(જંગલનો દેખાવ.)

(માડી મરી જાયછે કે બચાઓ દુખી થાય) એ રાગે.

રસીકા—ચલાતું નથી મુજથકી, ફકીર કર દયા
ફકીર કર દયા, કરમુજપર મયા—ચલાતું.

આ પગે કાંટા લાગ્યા, ને થાકી ગઈછું છેક
ચાલવાની શકિત નથી, ડગલું મુજથી એક-ચલાતું.

(બેશી જાયછે.)

ફકીર—ભોગ તારા હું શું કરૂં, આજ તું ઉભી થા
પીતા તારાએ પરણાવી, શોક કરે મોટયા.

રસીકા—ચલાતું નથી મુજથી, ફકીર કર દયા
ફકીર કર દયા, કર મુજપર મયા—ચલાતું.
નશીબ ફુટયું માહેરૂં, બનવાની વાત બની
દીક્ષા કરવાને પીતાએ, શોધ્યો આવો ધણી-ચલાતું.
હાય હાય આશું થયું, મારી શી વલે થશે
ફકીર શાહેબ નથી જાણતો, જીવ મારો જશે-ચલાતુ

ફકીર—મસ્તી તો ઓછી થશે, લાવ પીવાને પાણી
સ દોરી લોટા જા કુવે, તરસ લાગીછે ઘણી.

રસીકા—ચલાતુ નથી મુજથકી ફકીર કર દયા
ફકીર કર દયા, કર મુજપર મયા—ચલાતું.
ચુકવા ચુકદાની ઘરે, મારા દાસને દાસી
પણીઆરી થઈ પાણી ભરે, એ કરમની કાહાની—
ચલાતું.

(દોરડુંને ઘડો લઇ જાયછે.)

ફકીર—જાની જલદી લઈ આવ, મને ભુખ લાગીછે
રાંધી રસોઈ તઈઆર કર, કયાં વેઠ આવીછે.

રસીકા—ચલાતું નથી મુજથકી ફકીર કર દયા
ફકીર કર દયા કર મુજપર મયા—ચલાતું.

(રસીકા જેમ તેમ કરી પાણી ભરવા જાયછે.)

(અલિફ્સેતું યાદ કર) એ રાગે.

ફકીર—અપમાન કીધું મારૂં, સીધી થઇ હવે
કુવે ગઈ કેવી એ, પણીયારી થઇ હવે—અપમાન.

(રસીકા પાણી આપેછે.)

ફકીર—ચાલ હવે જલદીથી કાંઇ ખાવાનું કરી આપ.
રસીકા—કેમ કરૂં મનેતો આવડતું નથી.
ફકીર—લે રાંડ બાપરી જેવી બાપરી બનીને રસોઇ કરતાં આવડતી નથી શું તું તાજ કરી નાના બચ્ચાંને સમજાવેછે કે ? ચાલ પેલો ચુલો રહ્યા, રસોઇ તે યાર કર.
રસીકા—(તારી પ્રીતની લેહમને લાગી) એ રાગે.

હવે કેમ કરી હું રાંધુ, હવે કેમ કરી હું રાંધુ
ફુંક મારૂં ધુમાડો બહુ થાયે
તનમા ફિકે હું દાઝુ—હવે.
બળતું થાયે નહી, જાય પાણી વહી
કેમ જમાડું ચાંધુ—હવે.
આઇતી રસોઇ, જમતા કરી શોઇ
રાંધીને મેં નથી ખાધું—હવે.
પરમાત્માછો તમે પરોપકારી
વીનવી લ્હેરી હું આરાંધુ—હવે.

(શુંથી આણી કુળ જનણી) એ રાગે.

ચાલ રાંડ ચાંદ આમશું તું લવરી કરેરે
શું તું લવરી કરેરે શું તું લવરી કરેરે
ભુખ મને બહુ લાગીછે—ચાલ.
રોટલાને દાલ, પીરસ વેહેલા
છેક છકેલી બની જરા શરમ ધરરે
જરા સમજ ધરરે, જરા સમજ ધરરે—ભુખ.

રસીકા—લો સ્વામીજી, જમવા પધારો
બેશો આ આસને, તમે જરા ધીર ધરીરે
જરા ધીર ધરીરે, જરા ધીર ધરીરે.

ફકીર—ભુખ મને બહુ લાગીછે—ચાલ.
(ફકીર જમેછે.) ચાલ હવે તું થોડુંક સુતર કાંતને
પછી નેતરના કંડીયા બાર.

રસીકા—દુશ્મન હોય તેને પણ દયા હોય પણ તમેતો છેક
નીરદય જેવા દીશોછો.

ફકીર—(ખાતો ખાતો ઉઠી જાતો મારેછે—ને એટલામાં
પડદો પડેછે.)

——0:0——

પરવેશ છઠો. (રસતાનો દેખાવ.)

(નરસી મેતા ભકતી હરીના) એ રાગે.

શીપાઈઓ—કુંભારની દુકાન ગોઠવી, હાંલ્લા ચડવાને બેડાં
ચપન કોડીયા કુંડા સાથે મુકયાછે મહી કલેડાં
વેચનાર સારૂં બેસવા મુકી, ભાંગેલી પેટી ઓખું
ટકોરો વગાડવા લાકડી મુકી, રણકાદાર કેછે ઓખું
ઉતરેડ ઉપર ઉતરેડ ચઢવી, દુકાન કેવી થઇ સારી
ભપકાદાર સામાન ગોઠવોછે, શોભા તેની થઇ ન્યારી
કોણ જાણે રાજાને પેલું, એવું તે કેમ લાગ્યુંછે
રાજપાટ છોડી આવું કરવા, મન એનું કેમ જાગ્યુંછે
અકલમંદ અતીશે રાયજી, કંઇ એઓમાં મતલબ હશે
મુદ્દો એમાંથી મેળવશે, જાણુ આપણે પછી થશે
લગનશા થાયછે રાજાની, ખબરી નકી નથી કાંથી
ગુણાનો ભેદ જણાતો નથી, વાત લાગતી નથી સીધી

આલો આપણું શું જવાનું, જગનની મીઠાઈ મળશે
વર મરો કે કન્યા મરો પણ, ગોરનું તર ભાનું ભરશે.

(જાયછે.)

(પડદો ઉગડેછે.)

——o:o——

પરવેશ શાતમો.

(રસીકા કુંભારની દુકાન માંડીને બેઠીછે ત્યાં એક દારૂપી ચકચુર થએલો મસ્તાન સરખો એક છાકટો બકતો બકતો આવેછે અને વાંસણો ભાગી નાખેછે અને ગાયછે.)

(ખુશીનીજ) એ રાગે.

છાકટો——દારૂશીરીદાર, પીયો દારૂ શીરીદાર
પીયે અમલદાર, યારો દારૂ શીરીદાર
લિજતકી ક્યાં કહું બાત, યારો દારૂ શીરીદાર
પીયે નામદાર, યારો દારૂ શીરીદાર.

રસીકા——બાઇ દુરજન દુરજન (એમ ફરી આખી ખ સીને કહેછે) કે દુર વ્યસન ઘણું ખરાબછે જો આને આ ના શરીરની પણ શુધી નથી તોએ દારૂ ગટ ગટાવેછે. પણ હવે મારા ફકીરને શું જવાબ દેવો. આ મુવાએતો ભાંગી ફોડીને મેદાન કીધું. ફકીરતો મને મારી મારીને ધુમાડા કા હાડી નાંખશે અરે ભગવાન મેં શું તારા પાપ કીધાંછે કે મને આટલું બધું દુઃખ દેછે.

(છાકટો જાયછે.)

રસીકા——(ઉડો ઉડો પ્યારી મારી માત) એ રાગે.
ફુટયું ફુટયું નશીબ મારૂં આજ
આયા સ્વામી શ્રી ચરતાતાતાજ——ફુટયું.

કરમ સંજોગે, ફકીર ત્યાગી
હુજત કરી હું પામી આ વાર—જોયા.
દીન દયાલુ, પરમ કૃપાળુ
દાસી જાણી કરો મને સાયરે—જોયા.

(ફકીર આવેછે.)

ફકીર—રાંડ શંખણી આ શું ભાંકાણ માંડી. મારા શું ભોગ લાગ્યાતા કે હું તને પરણ્યો. ખરેખર તું તો મારે ચોખ્ખી માથેજ પડી. (એક બે થાપટ મારી) રાંડ આ કેમ ભાંગી નાંખ્યા. જો દુકાને વેચતા સરમાતાંતાતો બાસી ગર વું હતું કે હું દુકાને નહી બેશું. ફીકર નહી રાંડ હવે તને રાજાના ભાડીઆર ખાનામાં રસોઈ કરવાને રાખી આવુંછું ત્યાં તું પાધરી દોર થશે. સમજી ચાલ રાજાના ભાડીઆર ખાનામાં.

(જાયછે.) (પડદો પડેછે.)

——0:0——

પરવેશ આઠમો.

(રસ્તાનો દેખાવ સ્ત્રીઓ ગીત ગાતા જાયછે.)

પેહેલી સ્ત્રી—આલી ઝમકવહુ કાલેતો રાજાજી પરણુ વાનાછે. પણ કોની સાથે તેતો કાંઇ જણાતું નથી.

ઝમક વહુ—તું પણ રાજાની કુંટણીજ છે કેની તારી સાથેજ પરણેતો કેમ ?

બીજી સ્ત્રી—આલી એમ મજાક તે શું કરતી હશે. તું તું છેક બેકીને ?

ઝમક વહુ—બેકી બેકી ને તું તો શેખી કરવાનેજ ની તેરે તને પણ . ઓળખુંછું.

દાહી—અલી આ શુભ અવસરે બોલવું તેમાં તે કાંઇ ગાળછે. સમજુ થઇ આમ કરવું આપા છાજેતો, નહી.

બધાંઓ—ના કાકીજી અમે લડતા નથી પણ સેહેજ ઠઠા મશ્કરી કરતા હતા ચાલો ગીત ગાવાનો સમય થયો.

——0:0——

પરવેશ નવમો.

(કવરનો પડદો ઉગડેછે અને ભઠીઆરખાનું દેખાયછે.)

(લુસાંનીલ) એ રાગે.

પેહેલો રંધવારો—શાક જલદી લાવ, શાક જલદી લાવ
ચુલાગાં બળતું કરો, ચોખાને હલાવ-શાક

બીજો રંધવારો—કંયા ગઇ બાઇ તું, જમણ લઇજા
રાજાના લગનછે ગાટે, મીઠાઇ તું ખા.

રસીકા—હું એકલી નહી ખાઉં, ફકીર સારૂં લઇ જાઉં
બને જણા સાથે ખાઇશું, ખુશી મનમાં થાઉં.

(જમણ લેછે.)

(ફકીર રાજા થઇને આવેછે.)

(બદલગયો નયનારે) એ રાગે.

રાજા—બાઇ આમ આવોરે, બાઇ આમ આવોરે
કંયા તમે જાવોછો, કયાં તમે જાવોછો—બાઇ.
છો રાજવંશી, દુબલી કેમ કાયા
પોટલીઆ શેનીરે, કોને દુખાવ્યારે—બાઇ.

રસીકા—શાહેબ છઉં દુખીઆરીરે, શાહેબ છઉં દુખી આરીરે
વીપત પડી ભારી, વીપત પડી ભારી—શાહેબ.
મેહેરબાની કરી, પીછો મારો છોડો
ફકીર જો જાણે, રડાવે માર મારીરે—શાહેબ.

રાજા વલગવા જાયછે અને ખાવાનું પોટલું પડી જાયછે.

(રાગ ઈંદર સભાનો.)

રાજા—ફીકર નહી, ફીકર નહી, ફકીરની શું તાકાદ.
હાથ જરા હડકાડેતો, મારૂં હવે લાત.

રસીકા—શું વેરછે તમારે, મુજ સાથે શુંછે કામ.
રાજવંશી દીસોછો, કરીએ નહી આમ.

રાજા—(ઊચકીને મોહેલમાં લઈ જાયછે.)

—o—

પરવેશ દશમો.

(રાજ મંડપ—બાઈઓ ગીત ગાયછે.)

ગરબો.

(જોયું જોયુંરે, કોલાપુર શેહેર) એ રાગ.

લગન—ગાઓ ગાઓરે, હાહાંરે ગાઓ ગાઓરે
સાહેલી સૌ ગીત, ચીત ખુશી કરવાને.
શુભ લગનનો આ અવસર—ચીત.
રાજા સ્વયંમવરમાંથી વાહોરી લાવ્યા
સદગુણી રસીકા રાણીરે
મગરૂની તેની ઉતારી રાયે
ભેડ ભરાવ્યું પાણી—ચીત.
દુકાન મંડાવી, ટોપલી મુંથાવી
વલી બનાવી ભઠીઆરીરે
કસોટીમાં રાજાજીએ કસીછે
થઇ રાજાની પ્યારી—ચીત.

(રાજા, પ્રધાન ગોર વગેરે આવેછે.)

ગોર—આશો માહારાજ મુરતનો સમય થયો અને ગોરસ
લગન વહી જાયછે.

પ્રધાન—રસીકા રાણીને બોલાવો.

સાહેલી—રસીકાને તેડવા જાયછે.

ગોર—(ખધો સાહીત્ર કાહાડેછે રસીકા આવેછે) ચાલો.

(રાજા રાણીનો હસ્ત મેલાપ કરાવેછે જગતેશ્વર આ જોડું

અવીચલ રાખો એવી હું પ્રાર્થના કરૂં છું.)

(આણીપેરે જમનારે, પેલી પેરે ગંગારે) એ રાગ.

બાઈડીઓ—આનીપેરે રાજારે, પેલીપેરે રસીકારે.

વચમાં ગોર માજા માલ કરે

પ્રધાનજી ઉભારે, જમાદાર શુભારે.

રંગ મંડપની શોભા બહુ બની

ગાઓ સાહેલીરે, આનંદની હેલીરે

રાયજી પરણ્યા, ખુશી સઉ થયા.

બધાઓ—(ફતેહ પોકારો ધમ ધમ) એ રાગે.

ગરૂરીની હજકાઇ થઈ,

સાંભળો સો કાન દઇ;

રસીકા આ ઉભી રહી,

બીગાડી બહુ દુખી થઇ—ટેક.

નજરે નજર જુવો ભાઇ,

દુકાને મજા કેવી થઇ;

કુવે પાણી ભરવા ગઇ,

રસોઇ કાચી પાકી થઈ—ગરૂરીની.

સર્જન કલાપીત છે આ વાત,

સમજતા નહી બારેબાત;

મગરૂબીનો આવ્યો પાઠ,

લ્હેરી હારયનો ચળકાત—ગરૂરીની.

———o———

સમાપ્ત.